c/5

ગુજરાત મોડેલ ડે સ્કુલ પ્રોજેક્ટ હેઠળ
૫૦ નવી શાળાઓ શરુ કરવાની મંજુરી
આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-પીઆરઈ/૧૪૧૦/૩૦૪/ક
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:-૦૩/૦૩/૨૦૧૪

આમુખ :-

રાજયમાં ઉત્તમ શિક્ષણ પુરુ પાડી શકે તેવી સ્કુલોની વ્યવસ્થા કરવા માટે મોડેલ ડે સ્કુલો શરુ કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી આ મોડેલ ડે સ્કુલો સ્થાપવાનો આશય ગ્રામીણ અને ઓછી સાક્ષરતા ધરાવતા ગ્રામીણ વિસ્તારોમાં વધુ ક્ષમતા અને ઉચ્ચ ગુણવત્તા વાળી ડે બોર્ડીંગ શાળાઓ શરુ કરવાનો છે કે જેમાં વિધાર્થીઓ વર્ગમાં અભ્યાસ કરે, વર્ગમાં જ ગૃહકાર્ય પુરુ કરે તથા સાંજે શાળા છોડતા પહેલાં ઈતર પ્રવૃત્તિઓ પણ આજ શાળામાં પુર્ણ કરે. આ શાળામાં અંગ્રેજી ઉપર વધારે ભાર મુકી વર્ગો ચલાવવામાં આવશે તથા કોમ્પ્યુટરનું જ્ઞાન, રમત-ગમત, વ્યકિતત્વ વિકાસ, સાહિત્ય અને કૌશલ્ય નિર્માણ ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે. આ શાળાઓ અધતન, આધુનિક અને બધી રીતે વિશિષ્ટ એટલે કે ગુણવત્તામાં અતિઉત્તમ સારી રાખવાની છે. ગુણવત્તા સારી રાખવી હોય અને કાયમી રીતે ગુણવત્તા ઉપર ભાર રાખવાનો રાજય સરકારનો ઈરાદો છે. આથી આ શાળાઓ ગુજરાત મોડલ ડે સ્કુલ પ્રોજેકટ હેઠળ સ્થાપવા અંગેની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠ રા વ ::-

રાજયમાં ઉત્તમ શિક્ષણ પૂરું પાડી શકે તેવી સ્કુલોની વ્યવસ્થા કરવા માટે ગુજરાત મોડલ ડે સ્કુલ પ્રોજેકટ અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) ગુજરાત મોડલ ડે સ્કુલ પ્રોજેકટ હેઠળ ડે બોર્ડીંગ સ્કુલો આ સાથે રાખેલ ગુજરાત મોડેલ ડે સ્કુલ પ્રોજકેટમાં દર્શાવેલ કાર્યપ્રણાલી અનુસાર શરુ કરવાની રહેશે.

(૨) હાલ પૂરતા કુલ ૫૦ જેટલી મોડેલ ડે સ્કુલ શિક્ષણ વિભાગની અગાઉ રચાયેલ ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજયુકેશન સોસાયટી તરફથી ચલાવાવમાં આવશે. આ ઉપરાંત ભારત સરકાર તરફથી શિક્ષણ વિભાગને મંજુર કરવામાં આવેલ મોડેલ સ્કુલો, રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન હેઠળ તૈયાર કરવામાં આવેલ સ્કુલો અને શહેરી વિસ્તારમાં હાલ ચાલતી મોટી સ્કુલોને પણ મોડેલ સ્કુલોમાં ભવિષ્યમાં તબદીલ કરી, ખુટતા સાધનો અને વાર્ષિક ખર્ચ ઉપલબ્ધ કરાવી, આ સોસાયટીને મેનેજમેન્ટ માટે આપી શકાશે.

(૩) ગુજરાત કાઉન્સિલ ઓફ સેકન્ડરી એજયુકેશન સોસાયટીને શાળાઓ ટોકન ભાડાથી આપવામાં આવશે.

(૪) શિક્ષણ વિભાગના માધ્યમિક શિક્ષણના હવાલો ધરાવતા સચિવશ્રી સોસાયટીના કારોબારી સમિતિના અધ્યક્ષ રહેશે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના સંયુકત નિયામક શ્રી ડી.એમ.સોલંકીને મુખ્ય કાર્યકારી

અધિકારી તરીકેનો ચાર્જ સોંપવામાં આવે છે. સાથોસાથ પુર્ણકાલીન મુખ્ય કાર્યકારી અધિકારીની પસંદગી માટે જાહેરાત આપવાની રહેશે.

(૫) આવી ૫૦ શાળાઓ હાલ પુરતી રાજયમાં આ સાથે પત્રક-૧માં જણાવેલ ઓછા સાક્ષરતા વાળા ૫૦ તાલુકામાં શરુ કરવાની રહેશે.

(૬) આ શાળાઓ ધોરણ-૬-૧૨ે માટે રહેશે અને ગામની પ્રાથમિક શાળાને પણ સંબંધિત જીલ્લા પંચાયતની પરવાનગીથી મર્જ કરી શકાશે.

(૭) આ મોડેલ ડે સ્કુલોમાં વિધાર્થીઓ માટે સૌથી સારુ શિક્ષણ વ્યકિતત્વ વિકાસ અને અન્ય બાબતો અંગે ખાસ ધ્યાન આપવામાં આવશે. આ શાળાઓ ડે-બોર્ડીંગસ્કુલ તરીકે ચલાવવામાં આવશે જયાં સ્કુલ સમય પછી વિધાર્થીનું હોમવર્ક પુરુ કરાવી રમતગમત અને અન્ય ગતીવિધીઓ પુર્ણ કરી વિધાર્થીઓ ૯ કલાક પછી બસ મારફતે સાંજે તેમના ઘરે જશે. ૫૦૦ થી ૧૫૦૦ વિધાર્થીઓની ક્ષમતાવાળી આવી મોડેલ સ્કુલો આજુબાજુના ૮ થી ૧૦ ગામડાના વિધાર્થીઓને ભણતર આપશે અને સ્કુલોમાં બપોરના ભોજન અને સાંજનો નાસ્તો પણ આપવામાં આવશે.

(૮) દરેક મોડેલ ડે સ્કુલમાં અંગ્રેજી ઉપર ભાર મુકી ગુજરાતી માધ્યમના વર્ગો ચલાવવામાં આવશે. ગુજરાતી માધ્યમના વર્ગોમાં અંગ્રેજીના બમણા વર્ગો ચલાવવામાં આવશે. આ શાળાઓમાં કોમ્પ્યુટરનું જ્ઞાન, રમતગમત, વ્યકિતત્વ વિકાસ, સાહિત્ય અને કૌશલ્ય નિમાર્ણ ઉપર ખાસં ધ્યાન આપવામાં આવશે.

(૯) મોડેલ ડે સ્કુલોનું બાંધકામ અને અન્ય અકસ્યામતો સરકારશ્રી તરફથી ઉપલબ્ધ કરવામાં આવશે. ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ તફરથી વિધાર્થીઓ માટે સ્કુલ બસ પણ ચલાવવામાં આવશે.

(૧૦) આ પૈકી ૨૦ જેટલી શાળાઓમાં સ્પેશીયલ ચીલ્ડ્રન માટે ખાસ સેન્ટરો શરુ કરવા માટે એક પાઇલોટ પ્રોજેકટ પણ ઉમેરવામાં આવશે.

(૧૧) દરેક મોડેલ સ્કુલમાં પ્રથમ વર્ષ ધોરણ ૬, ૯ અને ૧૧ વર્ગોમાં ૨૫૦ વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જે બીજા ત્રીજા અને ચોથા વર્ષમાં અનુક્રમે ૫૫૦, ૭૫૦ અને ૯૫૦ ની સંખ્યા સુધી થશે. પ્રથમ વર્ષે શાળા દીઠ ૧૫ શૈક્ષણિક અને ૪ બીન શૈક્ષણિક સ્ટાફની જરુર પડશે જે ચોથા વર્ષે ૪૬ શિક્ષકો અને ૭ બિન શૈક્ષણીક સ્ટાફ થશે. પ્રથમ વર્ષે ૧૦ મોડેલ શાળાઓ શરૂ કરવાનો અંદાજ છે. પાંચમા વર્ષમાં ૫૦ શાળાઓમાં ૬૪,૦૦૦/- વિધાર્થીઓ આવરી લેવામાં આવશે. પાંચમાં વર્ષ સુધીમાં આ શાળાઓમાં કુલ ૨૫૬૦ શિક્ષકો અને ૫૫૫ બિન શૈક્ષણીક સ્ટાફ થશે. જેમાં હેડ માસ્ટર, લાયબ્રેરીયન, આઇટી ઓપરેટર, કોચ અને કારકુનોનો સમાવેશ થાય છે. કોચ કરાર આધારીત રાખવામાં આવશે.

(૧૨) નિર્દિષ્ટ કરેલ તાલુકાઓમાં ઉપરના ફકરા(૫) મુજબ ચાલતી એવી સરકારી શાળાઓ, જયાં પુરતી જમીન ઉપલબ્ધ હોય તેને મોડેલ શાળાઓમાં શકયતા મુજબ તબદીલ કરી શકાશે. આ સાથો સાથ અન્ય વિસ્તારોમાં, જયાં જરુરી જમીન ઉપલબ્ધ કરાવવામાં આવે, પણ શકયતા મુજબ મોડેલ શાળાઓ શરુ કરી શકાશે.

(૧૩) સરકાર તરફથી બાંધકામ પુર્ણ કયા પછી આ શાળાઓ, બધી અસ્કયામતો સાથે, સોસાયટીને રુા. ૧ ના વાર્ષિક ટોકન ભાડાથી તબદીલ કરવામાં આવશે. સોસાયટી શિક્ષણ ઉપરાંત ૫૦ ઓછી સાક્ષરતાના તાલુકાઓમાં માનવ વિકાસ સુચકાંક સુધારવા માટે અન્ય પ્રવૃત્તિઓ પણ હાથ ઉપર લઇ શકશે.

(૧૪) ગુજરાત કાઉન્સિલ ઓફ સેકન્ડરી એજયુકેશન સોસાયટીને રુા.૨૫૦૦૦/- (અંકે રુપિયા પચ્ચીસ હજાર પુરા) પ્રતિ વિધાર્થી પ્રતિ વર્ષ બેઇઝ વળતર આપવામાં આવશે અને આ શાળાઓના બોર્ડની

પરીક્ષાના પરિણામને ધ્યાને લઇ સોસાયટીને વિદ્યાર્થીદીઠ ગ્રાન્ટમા આપવામાં આવેલ મંજૂરી ઉપરાત ઇન્સેન્ટીવ/પેનલ્ટી આપવામાં આવશે જે અંગેની વિગતવાર માહિતી આ સાથે રાખેલ પ્રોજેકટના એનેક્ષર-૧૬માં દર્શાવેલ છે. આ શાળાઓ પાંચમા વર્ષે વાયેબલ થાય તેવો અંદાજ છે જેથી ત્યાર સુધીની સ્ટાફ, તાલીમ અને સોસાયટીને થતા નુકશાનની ભરપાઇ સરકાર તરફથી કરવામાં આવશે અને પાંચ વર્ષ પછી સોસયટીની પરીણામલક્ષી ગ્રાન્ટ આપવાની શરુઆત થશે.

(૧૫) જો કોઇપણ શાળાનું ધોરણ-૧૦-૧૨ નું પરિણામ સતત ત્રણ વર્ષ સુધી ૬૦ ટકાથી ઓછું આવશે તો તે શાળા રાજય સરકાર સોસાયટી પાસેથી પાછી લઇ શકશે.

(૧૬) શાળાઓના વહીવટ કરનાર સોસાયટીને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની સુચનાઓ અમલ કરવાનો રહશે, તે સિવાય બીજા કોઇ અંકુશ આ શાળાઓ ઉપર લાદવામાં આવશે નહીં.

(૧૭) સોસાયટી તેમના તરફથી શિક્ષકોની નિમણુંક કરશે, તેમની સેવાઓની શરતો, પગાર વગેરે નક્કી કરશે. સોસાયટી તરફથી શિક્ષકોની નિમણુંક કરાર આધારીત રાખવામાં આવશે. જે માટે તેમને અપાનાર બેઇઝ પગાર ઉપરાંત પરીણામલક્ષી ઇન્સેન્ટીવ પણ આપવામાં આવશે, જેથી જે તે શિક્ષકો વિધાર્થીઓના પરિણામમાં સુધારો કરવા પ્રયત્નશીલ રહે.

(૧૮) સોસાયટી સ્તરે કેન્દ્રીય વિધાલય સંગઠન પેર્ટન ઉપર એક મુખ્ય કાર્યકારી અધિકારી અને ૨૪ અન્ય અધિકારીઓ અને કર્મચારીઓની જોગવાઇ કરવામાં આવી છે. સોસાયટી સ્તરે શિક્ષકોની પુર્વ સેવા તાલીમ, નોકરી દરમ્યાનની તાલીમ અને જરુરી સર્વે તેમજ અભ્યાસનું આયોજન કરવામાં આવશે જરુર જણાય તો અન્ય ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ કરાર કરી આ ૫૦ પૈકી અમુક શાળાઓનો વહીવટ અન્ય સારી સંસ્થાને પણ આ સાથે રાખેલ પ્રોજેકટના એનેક્ષર-૧૪ માં દર્શાવ્યા મુજબના ધારા ધોરણોથી આપી શકાશે.

(૧૯) આવી શાળાઓનો વહીવટ અન્ય સંસ્થાને આપવા માટે સોસાયટી તરફથી એક પારદર્શી પ્રક્રિયાનું પાલન કરવાનું રહેશે અને મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતાવાળી એક સમિતિની, જેમાં નાણાં સચિવશ્રી અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પ્રભાગ સંભાળતા શિક્ષણ વિભાગના સચિવશ્રી સભ્યો રહેશે, મંજુરી મળયા બાદ જ આવી શાળાઓનો વહીવટ તબદીલ કરી શકાશે.

(૨૦) શાળાઓનું બાંધકામ અને સુધારા-વધારાસર્વ શિક્ષા અભિયાન તરફથી માર્ગ અને મકાન વિભાગની પ્રક્રિયાનું અનુસરણ કરી કરવામાં આવશે અને જરુરી શૈક્ષણિક સાધનો પણ સર્વ શિક્ષા અભિયાન અથવા સોસાયટી તરફથી સરકારના ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવશે. દરેક શાળા ઓછામાં ઓછા ૫૦ ટકા કન્યાઓને પ્રવેશ આપે તે માટે સત્રની શરુઆતમાં કેમ્પેઇન ગોઠવવામાં આવશે.

(૨૧) વિધાર્થીઓને આજુબાજુના ગામડાથી લાવવા માટે પ્રોજેકટમાં શાળા દીઠ ૫ બસો, એમ કુલ ૨૫૦ બસોનું આયોજન છે. આ રકમ સોસાયટી તરફથી ગુજરાત રાજય વાહન વ્યવહાર નિગમને બસ ખરીદ કરી તેમને ચલાવવા માટે આપવામાં આવશે. બસભાડુ જે તે વિધાર્થી પાસેથી નિગમ સીધું વસુલ કરશે.

(૨૨) અન્ય બાબતો પ્રોજેક્ટ રીપોર્ટ મુજબની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર-૨૨૦૨-સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના સને ૨૦૧૩-૧૪ ના અંદાજપત્રમાં મુખ્ય સદર-૨૨૦૨-સામાન્ય શિક્ષણ-પેટા મુખ્ય સરદ-૦૧-પ્રાથમિક શિક્ષણ ગૌણ સદર-૭૯૬-આદિવાસી વિસ્તાર પેટા યોજના-પેટા સદર(૨૯) ઇડીએન-૮૨ સમાયોજિત આદર્શ શાળા બાબત નં.(૬) ઇડીએન-૮૨ આદર્શ શાળા (૨૨૦૨-૦૧-૭૯૬-૪૨૩) હેઠળ કરેલ જોગવાઇમાંથી ઉધારવાનો રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખ-૦૫/૦૨/૨૦૧૪ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.ટી. શાહ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (નાંણા) નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (આ.બા.) નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહન ભોજન યોજના,સેક્ટર-૧૭, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ. } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ } નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.
- શ્રી ડી.એમ.સોલંકી, સંયુક્ત નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ,ગુ.રા. ગાંધીનગર.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર (વિભાગની વેબસાઈટ પર મુકવા સારુ)
- સિલેક્ટ ફાઈલ.

ગુજરાત મોડેલ ડે સ્કૂલ યોજના હેઠળ નક્કી થયેલ ૩૦ તાલુકાઓ બદલવા બાબત.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક : ઉમશ/૧૮૨૨/૧૯૫૦/ગ-૧

સચિવાલય, ગાંધીનગર

તારીખ:૧૯ /૦૯/૨૦૨૨

વંચાણે લીધા :-

(૧) No. F.16-96/2007-Sch.I.MHRD, Date:19th November 2008
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-પીઆરઈ/૧૪૧૦/૩૦૪/ક, સચિવાલય, ગાંધીનગર, તાઃ03/03/૨૦૧૪
(૩) સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીની સિંગલ ફાઇલ ક્રમાંક: સમગ્ર શિક્ષા/મોડેલ ડે સ્કૂલ/૨૦૨૨-૨૩/૦૬
(૪) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ-ઉમશ/૧૨૨૦૨૨/૧૧૪૩/ગ-૧,સચિવાલય,ગાંધીનગર, તાઃ૧૩/૦૯/૨૦૨૨

આમુખ :-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના શિક્ષણ વિભાગના તા:03/03/૨૦૧૪ ના ઠરાવથી રાજયમાં ૫૦ મોડેલ ડે સ્કુલો મંજુર થયેલ છે તથા તે ઠરાવ મુજબ ૫૦ તાલુકાઓ પસંદ કરવામાં આવેલ હતા. જે બિડાણના લિસ્ટ ક્રમાંક પૈકીની ૨૦ મોડેલ ડે સ્કુલ હાલ કાર્યરત છે અને બાકીની ૩૦ મોડેલ ડે સ્કુલ શરુ કરવાની બાકી છે. રાજયના તાલુકાઓમાં મોડેલ અને મોડેલ ડે સ્કૂલ યોજના બેવડાય નહીં તેમજ વધારે તાલુકાઓને આવરી લઇ ધોરણ ૬ થી ૧૨ સુધીનું નિરંતર ગુણવત્તાયુકત શિક્ષણ સુનિશ્ચિત કરી શકાય તે હેતુસર શિક્ષણના હિતમાં તાલુકાઓ બદલવાની જરૂરિયાત જણાય છે.

સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ (૧) ૫૦ વિકાસશીલ તાલુકામાંથી ૯ તાલુકાઓ એવા છે કે જ્યાં સમગ્ર શિક્ષા તથા આદિજાતિ વિભાગની ધોરણ ૬ થી ૧૨ ની કોમ્પોઝીટ સ્કુલ કાર્યરત નથી તથા (૨) સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલા ૫૩ વનબંધુ તાલુકાઓની યાદીમાંથી ૧૧ તાલુકો કે જ્યાં સમગ્ર શિક્ષા તથા આદિજાતિ વિભાગની ધોરણ ૬ થી ૧૨ની કોમ્પોઝીટ સ્કુલ કાર્યરત નથી તથા (૩) ૪ નવા તાલુકાઓ અને (૪) ૬ એવા તાલુકાઓ કે જ્યાં માધ્યમિક કક્ષાનો ડ્રોપ આઉટ રેટ ૩૦% થી પણ વધુ છે. (DISE : 2020-21) આ પ્રકારના કુલ ૩૦ તાલુકાઓ પસંદ કરવાની બાબત સરકારશ્રી કક્ષાએ વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

૧.પુખ્ત વિચારણાને અંતે, સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ વિકાસશીલ તાલુકાઓ, વનબંધુ તાલુકાઓ, નવા તાલુકાઓ અને જયાં માધ્યમિક કક્ષાએ ડ્રોપ આઉટ રેટ 30% થી પણ વધુ હોય તેવા 30 તાલુકાઓ પસંદ કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકો |
|---|---|---|
| ૧ | ભરૂચ | વાલીયા |
| ૨ | દાહોદ | સંજેલી |
| 3 | તાપી | કુકરમુંડા |
| ૪ | ડાંગ | સુબીર |
| ૫ | ડાંગ | વઘઇ |
| ૬ | પાટણ | શંખેશ્વર |
| ૭ | છોટા ઉદેપુર | બોડેલી |
| ૮ | સુરેન્દ્રનગર | થાનગઢ |
| ૯ | બનાસકાંઠા | સુઇગામ |
| ૧૦ | ભરૂચ | નેત્રંગ |
| ૧૧ | નર્મદા | ગરૂડેશ્વર |
| ૧૨ | નવસારી | ચીખલી |
| ૧૩ | નવસારી | ખેરગામ |
| ૧૪ | નવસારી | વાંસદા |
| ૧૫ | સાબરકાંઠા | વિજયનગર |
| ૧૬ | સુરત | મહુવા |
| ૧૭ | તાપી | વાલોદ |
| ૧૮ | વલસાડ | ઉમરગામ |
| ૧૯ | સુરત | બારડોલી |
| ૨૦ | તાપી | ડોલવણ |
| ૨૧ | રાજકોટ | વીછીંયા |
| ૨૨ | બનાસકાંઠા | લાખણી |
| ૨૩ | ભાવનગર | જેસર |
| ૨૪ | ખેડા | ગલતેશ્વર |
| ૨૫ | ભરૂચ | આમોદ |
| ૨૬ | જામનગર | જોડીયા |
| ૨૭ | જામનગર | લાલપુર |
| ૨૮ | જુનાગઢ | જુનાગઢ |
| ૨૯ | અમદાવાદ | ધોલેરા |
| 30 | આણંદ | ઉમરેઠ |

૨. સંદર્ભદર્શિત-૨ મુજબ સરકારશ્રી દ્વારા નક્કી કરાયેલ ૫૦ મોડેલ ડે સ્કૂલોનું બાંધકામ અને સંચાલન સંદર્ભદર્શિત-૧ ના ઠરાવ થી નકકી થયેલ મોડેલ સ્કુલ માફક તથા મહેકમ અને સંલગ્ન તમામ બાબતો સંદર્ભદર્શિત-(૪) ના ઠરાવ મુજબ કરવા આથી ઠરાવવામાં આવે છે.

ઉક્ત નિર્ણય વિભાગની સરખાક્રમાંકની ફાઇલ પર સરકારશ્રી કક્ષાએ તા.૨૦/૦૭/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. ટી. બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી.પ્રાથમિક શિક્ષણ. ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી. સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી. સેક્ટર-૧૭. ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ. સેક્ટર-૧૦. ગાંધીનગર.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી. સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી મારફતે)
- આઈ.ટી.સેલ. શિક્ષણ વિભાગ ગાંધીનગર. સચિવાલય. ગાંધીનગર(શિક્ષણ વિભાગની વેબ સાઇટ પર અપલોડ કરવા માટે).
- શાખા સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ .